# મૉનો ઈમેજીસ અને અછાંદસ

## કુમાર જિનેશ શાહ

### હું અને એ – મૉનો ઈમેજીસ

**(1)**
એ રોજ મને ધુત્કારે – હડસેલે
હું રોજ ઝંખવાઉં છું..
એ રોજ મલકીને બોલાવે –
હું રોજ હરખાતો દોડી જાઉં છું.

**(2)**
હું સવારે જાગું..
ઓશીકું ખંખેરું,
ઓછાડ સંકેલું..
રાતે મચેલી
તારી યાદની ઘમાસાણનાં સળ સીધાં કરું
સાવચેતી રાખું
કે ક્યાંક એને
કોઈ સળ ખુંચે નહીં!

**(3)**
એને મારા હાથની ચાય ચડે છે,
મને એની આંખની ચાહ ચડે છે.
ગાર્ડનમાં સાથે 'નશો' કરવાનો ક્રમ
અમે બંને જાળવીએ છીએ!

**(4)**
એ જોબ ઉપર જાય,
પીકનીક કરવા જાય,

પીયર જાય..
હું ઘરને સાચવું,
ઘર મને સાચવે..
પછી અમે બંને મળીને
એને શોધીએ – થપ્પો રમીએ.

**(5)**
મને બોલવું ગમતું,
એને મૌન ફાવતું..
હવે હું મુક તસ્વીર છું,
અને એ મારી તસ્વીર સાથે વાતો કરતી રહે છે.

**(6)**
હું વેરવીખેર હતો –
એણે મને ભેગો કર્યો..
પછી એ મારામાં,
ઘરમાં,
બાળકોમાં,
પરીવારમાં વીખેરાઈ ગઈ..
હવે હું એને વીણું છું!

**(7)**
હું કહેતો –
‘તારા વગર મારું શું થશે?’
પછી એ આવી..
હવે – ‘એનાં વગર મારું શું થશે?’
...એવું કહું છું!

**(8)**
એ પોતાના રુઝેલા જખમને ખોતરે છે,
લોહી ઝમે છે...

એ લોહી ચાટીને ઉન્માદમાં રહે છે – મગન.
હું એનાં જખમ ઉપર પાટો બાંધું છું –
ખાતરી છે કે એ ફરી ખોતરશે.

**(9)**

એ ચાંદને જોયા કરે – એકીટશે.
હું સુરજ સામે ત્રાટક કરું..
બંનેની આંખે તરવરે ભીનાશ
મારામાં તડકો –
એનામાં ચાંદની!

**(10)**

એ મોગરાની વેણી ગુંથે
હું એની સુગંધમાં ડુબું – તરું...
એને મોગરાના સાપ ડંખે
એને ઝેરના ‘નશા’ની ટેવ પડી ગઈ છે!

**(11)**

હમણાં હમણાંથી હૃદયમાં
તારું નામ બહુ જોરથી વાગે છે.
એટલા જોરથી કે ડરી જાઉં છું..
ક્યાંક બાજુમાં નીરાંતે સુતેલી
એ સાંભળીને જાગી જશે તો?

**(12)**

એ રોજ સવારે વીણે છે ખુદને
આખા ઘરમાં ફરી ફરીને
ઝાડી-ઝાપટીને ગોઠવે છે
પોતાનું હોવાપણું..
હું રોજ રાતે
એક આંચકે વીખેરી નાખું છું એને..

એ રોજ સવારે ફરી વીણે છે ખુદને.

**(13)**

એ આખા ઘરમાં ઘુમે
ચકેડી-ભમેડીની જેમ
હું દરેક ખુણેથી એને જોઉં
ફેરવી ફેરવીને
કૅલીડોસ્કોપ હો કોઈ જાણે..
એ નીત નવાં રંગ-રુપ-ભાતમાં
દરવખતે સામે આવે
હું દરવખતે અચરજથી જોયા કરું.

**(14)**

પહેલાં
તારી વાચાળતા અચરજ પમાડતી,
હવે
એનું મૌન અચંભીત કરે છે.
ત્યારે
હું તારી સામે બોલી નહોતો શકતો,
અત્યારે
એની સામે ચુપ રહી શકતો નથી.

**(15)**

હું એનાથી કંઈ છુપાવી ના શકતો
એ બધેબધું પકડી પાડતી.
આ એની આવડત હશે
કે મારી અણઆવડત?
હવે હું કશુંયે છુપાવતો નથી,
અને એ કશું પકડી પાડવા મથતી નથી!

# અછાંદસ રચનાઓ

## (1) એક નદીનો એક કીનારો

એક નદી હતી – પાણીથી ભરેલી.
એક કાંઠો હતો – રેતીથી ભરેલો..
(આમ તો દરેક નદીને બે કાંઠાઓ હોય છે;
પણ, આપણને સામા કાંઠાથી શુંયે લેવું?)

એક દીવસ –
એક માણસ નદીમાં કુદ્યો –
થોડો તર્યો – થોડો તણાયો..
સામા કાંઠે ના પહોંચી શક્યો
– તે પાછો ફર્યો!
હવે પોતાના જ કાંઠાની રેતીમાં એ ડુબી રહ્યો છે.
એને ડુબતો જોઈને એક દીવસ,
નદી સુકાઈ જવાની, ચોક્કસ..
પછી ના આ કાંઠો રહેશે –
ના નદી રહેશે –
ના સામે કાંઠો રહેશે –
બધે રેતી જ રેતી હશે..
કોરી – ઝીણી – અણીયાળી – ખુંચતી
હુ – હુ કરીને ઉડતી..
સમયના હાથમાંથી સરતી રેતી!
સૈકાઓ પછી લુપ્ત નદીના સગડ લેવા
અન્વેષીઓ ટોળે વળશે,
ઉત્ખનન પછી કદાચ
નદીના અવશેષો મળશે..

પણ કાંઠાઓ?
એ તો સંશોધનથી સદા પર રહેશે!

## (2) નીત્યક્રમ

સાંજ પડે
બગીચે આવીએ,
વોકીંગ-પાથ પર ચાલીએ.
બંને બાજુ ફુલોના છોડવા,
મૌન મહેકતાં ઝાડવાં,
ફોરમના ફુવારા ઉડે –
ઝાડથી લીલો પમરાટ ઝરે..
પહેલાં અમે પારાવાર બોલતાં
હવે શબ્દોનો ખપ રહ્યો નથી.
આંખની ભાષા વાંચી લઈએ!
થોડા દીવસથી
બગીચાની લગોલગ ઘરમાં
નવો પરીવાર આવ્યો લાગે છે.
દરરોજ સાંજે
ત્યાંથી તાજા વઘારની ગંધ ઉડે
દોડતી આવીને અથડાય
પગ ખચકાય..
‘ભુખ’ ઉઘડી જાય –
અમે પરસ્પર મલકીએ.
એણે લહેરાતા છુટ્ટા વાળ
અંબોડે બાંધવા લીધા..
આંખોની ભાષા પડતી મુકીને બોલાઈ ગયું –
“હં.. હં.. રહેવા દે –
ખુલ્લા કેશમાંથી આવતી સુગંધથી
કોઈ ‘આદીમ ભુખ’ ઉઘડે છે!”

## (3) મેક–અપ

બે'ક વાર
પાટલી સરખી કરી હશે,
ત્રણેક વાર હેઅર-સ્ટાઈલ..
ભુલાઈ ગયેલું આંજણ તો
સાવ છેલ્લે યાદ આવ્યું હશે.
દરેક ખુણેથી અરીસાને જોયો -
પણ હંમેશાં જેવો કેમ દેખાતો નથી?
એ અવઢવ તો છેક સુધી રહી હશે.

ના સાડી બરાબર પહેરાઈ,
ના વાળ સરખા ઓળાયા..
એવા કચવાટ સાથે વીચાર્યું હશે -
‘ઠીક હવે,
મારે ક્યાં કશેય જવું છે?’
પછી સ્વગત બબડ્યાં હશો -
‘લાવને.. એક સેલ્ફી પાડી લઉં!’
ફોટો પાડતાં -
કોઈ યાદ આવ્યું..
મલકાઈ જવાયું..
અને બસ, લ્યો -
મેકઅપની બધી કમી પુરી થઈ ગઈ!

**કુમાર જિનેશ શાહ**


કવી સમ્પર્ક:

પ્લૉટ-126, વૉર્ડ-10-બી. સી. વીદ્યાનગર, આર્ય સમાજ માર્ગ, ગાંધીધામ, કચ્છ.
Mobile : +91 98244 25929 eMail:
kumarjineshshah99@gmail.com

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

..ઉ.મ..

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : સોળમું - અંક : 457- July 19, 2020

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@@@

**Download Earlier SeMs :**

https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,89,93,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,70,94,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 11,23,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 13,44,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com
@@@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી, પ્રશીષ્ટ–જીવનપોષક કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું પુરું *નામ*, *આઈડી*, *સરનામું*, *કૉન્ટેક્ટ નંબર*.. વગેરે માહીતી લખી અમને ઈ.મેલ લખજો..

તમને પણ અમારી આ ‘સન્ડે ઈ.મહેફીલ’, દર પંદર દીવસે એક મેલ સાથે આમ, પીડીએફરુપે મળતી રહેશે..


–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને
–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com


@@@@@@@@@

**457.MONO_IMAGES-KUMAR_JINESH_SHAH-SeM-19-07-2020**